ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-30th May'/૨૦૧૧/ ૫૯૪ થી ૬૦૬

તા. ૩૧/૦૫/'૧૧

પ્રતિ,
એકિઝકયુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૩૦મી મે '૨૦૧૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૩૦મી મે '૨૦૧૧**ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

Daxa - D:\Registrar Office\Meeting\Executive Council\2010-11\List of E.C.Members\Letter'10-11.doc

# તારીખ ૩૦મી મે ૨૦૧૧નાં રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની બીજી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૩૦મી મે ૨૦૧૧નાં સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બીજી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેરહાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. **–સભ્યશ્રી**<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. **–સભ્યશ્રી**<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | ગેરહાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

પના નંબર : ૨ : પર ચાલુ..



Krishna Verma Kachchh University 370001

૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

તારીખ ૧૩ મી માર્ચ ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૧૩મી માર્ચ ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૨. તા. ૧૩/૫/૧૧નાં રોજની સભામા ઠરાવ્યા મુજબ જુદા જુદા અભ્યાસક્રમોની ફી બાબત :

તારીખ ૧૩મી મે' ૨૦૧૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામા ઠરાવ ક્રમાંક : ૫ અને ૬ : જુદા જુદા સ્વનિર્ભર અભ્યાસક્રમની ફી વધારવા તથા નવા સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફીના દરો નકકી કરવા માટે એક સમિતિની રચના કરવામા આવેલ હતી. સદર સમિતિની સભા ગત તારીખ ૨૮મી મે' ૨૦૧૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ હતી. સમિતિએ રજૂ કરેલ અહેવાલ અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ :** આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફીના દરોમા વધારો કરવા તથા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ – ૧૨થી શરૂ કરવામા આવનાર અભ્યાસક્રમોની ફીના દરો નિયત કરવા સંબંધે અન્ય ઠરાવ ન થાય ત્યાં સુધી નીચેની વિગતે અમલ કરવાનો રહેશે.

**૧) હાલે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો અંગે ફીના દરોમા વધારાની વિગતો.**

યુનિવર્સિટી કેમ્પસ પર હાલે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો પૈકી એમ.એસસી.–કેમેસ્ટ્રી સિવાયના અન્ય અભ્યાસક્રમો અન્વયેની ફીની રકમમાં કોઈ ફેરફાર ન કરતા, જુના દરો જ ફી વસુલવાની રહેશે.

જયારે એમ.એસસી.–કેમેસ્ટ્રી અભ્યાસક્રમ સંબંધે નીચેની વિગતે ફીના દરોમા વધારો કરી સુધારેલ દરે ફીની રકમ વસુલવાપાત્ર રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ અને મુદ્દત. | સેમેસ્ટર દીઠ ફીની જૂની રકમ. | સેમેસ્ટર દીઠ ફીની વધારેલ રકમ . |
|---|---|---|---|
| ૧. | એમ.એસસી.–કેમેસ્ટ્રી. ( બે વર્ષ) | રૂા. ૧૨,૫૦૦/– | રૂા. ૧૫,૦૦૦/– |

**૨) નવા અભ્યાસક્રમો અંગે ફીના નિયત કરાયેલ દરોની વિગતો.**

યુનિવર્સિટી કેમ્પસ પર શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ કરવામા આવનાર સ્વનિર્ભર અભ્યાસક્રમો માટેની ફીની દરો નીચેની વિગતે નિયત કરવામા આવે છે જે તે અમલમા મૂકી ફી વસુલવાપાત્ર રહેશે.

નંબર : ૩ : પર ચાલુ..

| ક્રમ | અભ્યાસક્રમનું નામ અને તેની મુદ્દત. | સેમેસ્ટર દીઠ ફીની રકમ. |
|---|---|---|
| ૧. | એમ.એસસી.–આઈટી (બે વર્ષ) | રૂા. ૧૫,૦૦૦/– |
| ૨. | પી.જી.ડી.સી.એ. (એક વર્ષ) | રૂા. ૧૦,૦૦૦/– |
| ૩. | એમ.સી.એ. (બે વર્ષ) | રૂા. ૧૭,૫૦૦/– |
| ૪. | એમ.એ. –આર્કિયોલોજી (બે વર્ષ) | રૂા. ૧૦,૦૦૦/– |

ઉપરોકત ક્રમ નંબર ૩ મુજબના એમ.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે 'Fee Regulation Committee' સમક્ષ ફીના દરો નિયત કરવા માટે કાર્યવાહી હાથ ધરવી.

૩. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) અંગ્રેજી અનુસ્નાતક ભવન ખાતે વ્યાખ્યાતા તરીકે ગત તા. ૨૩/૦૪/'૧૦ રોજ ફરજ પર હાજર થનાર ર્ડા. શ્રી સી.એન.ત્રિવેદીની તા.૧૨/૫/'૧૧નાં રોજની અરજી મુજબ, તેઓશ્રીને જી.પી.એસ.સી.દ્વારા સરકારી ઈજનેરી કોલેજ,ભાવનગર ખાતે વ્યાખ્યાતા તરીકે નિમણૂંક મળેલ હોતા, તા.૧૬/૫/'૧૧ના રોજ કચેરી સમય બાદ ફરજ મુકત /છુટા કરવા કરાયેલ વિનંતીને માન્ય રાખતા ર્ડા. શ્રી સી.એન.ત્રિવેદી અત્રેનાં પત્ર ક્રમાંક : રેફ.નં.કયુ./મકમ/ફ.મુ./સી.અસન.ટી./૨૦૧૧–૧૨/૧૪૧૩/તા.૧૬/૫/'૧૧થી અત્રેથી ફરજ મુકત / છુટા કરવામા આવ્યા છે. તેઓશ્રી નવી નિમણૂકની જગ્યા પર તા. ૧૭/૫/'૧૧થી જોડાઈ ગયેલ છે. તેઓશ્રીને અત્રેથી ફરજ મુકત /છુટા કરવાની પ્રક્રિયાને સર્વાનુમતે મંજૂર કરવામા આવે છે.

(૨) પ્રખ્યાત ટેકનોક્રેટ શ્રી સામ પ્રિત્રોડાની ઉપસ્થિતિમા એક દિવસીય સેમીનારના આયોજન કરવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :

પ્રખ્યાત ટેકનોક્રેટ શ્રી સામ પ્રિત્રોડાની ઉપસ્થિતિમા ગાંધીનગર મુકામે 'ઉચ્ચ શિક્ષણના પડકારો' એ વિષય પર એક દિવસીય સેમીનારના આયોજન કરવા તથા તે સંબંધિત થનાર સંભવિત ખર્ચની રકમ અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીનગર મુકામે 'ઉચ્ચ શિક્ષણના પડકારો' એ વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન તથા તે સંબંધે થનાર સંભવિત ખર્ચની રકમ મંજૂર કરવામા આવે છે તથા તે સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.

નંબર : ૪ : પર ચાલુ..

**(૩) યુનિવર્સિટી કેમ્પસ પર ઈનોવેશન સેન્ટર શરૂ કરવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી કેમ્પસ પર,શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ની પરીક્ષાઓ યુનિવર્સિટી કક્ષા એ પ્રથમ ક્રમાંક મેળવી સુવર્ણચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓ તથા પોતાના અભ્યાસમા તેજસ્વી કારકિર્દી ધરાવતા પસંદગીના વિદ્યાર્થીઓની એક કલબ કે જેને 'ગોલ્ડ કલબ'ના નામે શરૂ કરી એક ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરી આવા વિદ્યાર્થીઓ માટે સેમીનાર,તજજ્ઞોના વ્યાખ્યાનો કે અન્ય સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તે સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ થી ઈનોવેશન સેન્ટર અન્વયે 'ગોલ્ડ કલબ'ની રચના કરવી અને તે અંગેના ખર્ચ સંબંધે રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાચ લાખ પૂરા ફાળવવામા આવે છે. હાલે ત્રણ થી સાત દિવસીય સેમીનારનું આયોજન કરવુ તથા સંબંધિત અન્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**(૪) યુનિવર્સિટીના માળખાકીય વિકાસ માટે આર્કિટેકટની પેનલ તૈયાર કરવા રજૂ કરાયેલ ધારા –ધોરણો બહાલ રાખવા બાબત :**

ગત તારીખ ૧૩મી મે ૨૦૧૧ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨ : મુજબ યુનિવર્સિટી કેમ્પસ પર વધતી જતી વિવિધ સુવિધાઓ અન્વયે જરૂરી બાંધકામ તેમજ ભવનિર્માણ કરવાની તૈયારીઓ માટે આર્કિટેકસની પેનલ તૈયાર કરવા મેળવેલ મંજૂરી અન્વયે આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબ નિયત કરાયેલ ધારા–ધોરણોને બહાલ રાખવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકસની પેનલની તૈયાર કરવા સંબંધે રજૂ કરાયેલ પરિશિષ્ટ–૧ મુજબના ધારા – ધોરણો સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે તથા તે સંબંધે જાહેરાત આપવા અને અન્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

**ઈન્ચાર્જ કુલસચિવ**
**ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી, ભુજ**

# પરિશિષ્ટ – ૧

**Criteria for Selection of Architect/Consultants.**

1. The Architect/Consultant should have long standing experience in the field and should demonstrate experience of atleast 10 years.
2. The Architect/Consultant should have carried out atleast two projects involving Architecture. Structural Design, Utility Design, Project Management costing not less than Rs 10 Crores.
3. The Architect/Consultant should demonstrate Average Fees Turnover of Rs 10 Crores during the last 3 years.
4. The Architect/Consultant should possess proper office having an area of atleast 2000 sqft with all disciplines such as Architects, Structural Engineers, Elect/Mech Engineers etc.
5. The Architect/Consultant should demonstrate possession of licensed software for Design as well as Project Management such as Autocad Revit Architecture, Autocad Revit Structure, STAAD, Microsoft Project.
6. In case of a consortium of Architect and General Consultant, The combined strength of both the firms will have to fulfil the abovementioned criteria.
7. All the above details shall be provided as attested copies.
8. A notarised declaration will have to provided declaring authenticity of all details provided.
9. In case of consortium of two or more companies, an agreement between the companies with responsibilities will have to be attached.

**Scope of Services :**

1. Preparing Conceptual Designs along with 3 dimensional representation.
2. Preparing Detailed Designs and Cost Estimates.
3. Preparing Tender Documents and Technical Specifications.
4. Assisting Client in Bid Process Management and Selection of Contractor.
5. Day to Day Supervision during Construction including Quality Assurance.
6. Verification and Certification of Bills.
7. Commissioning and Handing over Project to Client.

Trivedi K. M.

**I/c. Registrar**
**Krantiguru Shyamji Krishna Verma**
**Kachchh University**
**Bhuj - Kachchh.**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001